શ્રી ગણેશાય નમઃ
મંગલંભગવાન ઉમાપતિ,
મંગલંભગવાન રાધેશ્યામ,
મંગલંભગવાન લક્ષ્મીનારાયણ,
મંગલંભગવાન સ્વામિનારાયણ,
મંગલંભગવાન નરનારાયણ,
મંગલંભગવાન સીતારામ,
મંગલં કષ્ટભંજનાય દેવ,
મંગલાય તનો હરિઃ નમો નમઃ

# "શ્રી વાસુદેવ માહાત્મ્ય" સપ્તાહ જ્ઞાનયજ્ઞ

વ્હાલા ભકતો.....

ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ જેનો ધણોજ મહિમા ગાયો છે, તે પુરાવો આપતું વચનામૃત ગ.મ. ૨૮ તેમાં કહ્યું છે; જે દેવ પ્રાગજીએ કહ્યું છે જે શ્રીમદ્ ભાગવત્ જેવો કોઇ ગ્રંથ નથી, પછી શ્રીજી મહારાજ બોલ્યા જે શ્રીમદ્ ભાગવત્ તો સારૂં જ છે પણ સ્કંદપુરાણને વિષે શ્રી વાસુદેવ માહાત્મ્ય છે તેના જેવો કોઇ ગ્રંથ જ નથી, કારણકે એ ગ્રંથને વિષે ધર્મજ્ઞાન વૈરાગ્ય અને ભકિત તથા અહિંસાપણું એનું અતિશય પ્રતિપાદન કર્યું છે, ઉપરાંત આઠ સત્શાસ્ત્ર અમને પ્રિય છે તેમાં પણ આ ગ્રંથનો ઉલ્લેખ છે અને સત્સંગિજીવન જેવા ગ્રંથમાં તો એમ બતાવ્યું છે જે

**श्री वासुदेवमाहात्म्यं मासं तत्राशृणोत्पुनः प्रशंसां तस्य बहुधा चकार जनसंसदि ा सर्वथाडस्मत्मतस्येदं मूलमित्येवमीरयन्**

( પ્ર.૪.અ ૪૫ શ્લોક ૭-૮)

એક માસ સુધી અમદાવાદમાં આ ગ્રંથની કથા સાંભળ્યા પછી શ્રીજી મહારાજ એમ બોલ્યા જે 'આ શ્રી વાસુદેવ માહાત્મ્ય જ અમારા મતે સંપ્રદાયનું સર્વ પ્રકારે મુળ છે', એમ મહાસભામાં ખુબ પ્રશંસા કરેલ છે. એવો આ ગ્રંથનો અદ્‌ભૂત મહિમા છે. જેના રચયિતા શ્રી વ્યાસભગવાન છે. આ સ્કંદપુરાણના વિષ્ણુખંડમાં આવેલ ઉપાસના કાંડરૂપ એક ભાગ છે. વ્હાલા ભકતો આ ગ્રંથનું શ્રવણ કરી આપણા જીવનને ઉજળું બનાવવા માટે આપને કુટુંબ પરિવાર તથા મિત્રમંડળ સહ પધારવા અમારૂં ભાવભીનું નિમંત્રણ છે.

શાસ્ત્રી સ્વામી શ્રી નિર્ભયચરણદાસજી (સદ્‌ગુરુ શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી) ના જયશ્રી સ્વામિનારાયણ

## આપણા મંદિરમાં વિરાજમાન દેવોનો ૧૮મો ભવ્ય પાટોત્સવ



# પાટોત્સવ કાર્યક્રમ

## "શ્રી વાસુદેવ માહાત્મ્ય" સપ્તાહ જ્ઞાનયજ્ઞ

વક્તાઃ શ્રી લક્ષ્મીનારાયણદેવ ગાદી, ખોપાળા અને બગસરા ના સંતશિરોમણી સદ્‌ગુરુ શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી સ્વામીના નવયુવાન શિષ્ય શાસ્ત્રી સ્વામી શ્રી નિર્ભયચરણદાસજી ભગવાનશ્રી વ્યાસજી રચિત "શ્રી વાસુદેવ માહાત્મ્ય" ગ્રંથની કથાનું રસપાન તેમની વિદ્વવત્તાસભર અને સુમધુર કર્ણપ્રિય શૈલીમાં કરાવશે.

### કથા શ્રવણ સમય

પોથીયાત્રાઃ મે ૧૯ શનિવાર બપોરના ૩:૩૦ કલાકે
કથા પ્રારંભઃ મે ૧૯ શનિવાર બપોરના ૪:૦૦ કલાકે
રવિવાર બપોરના ૪:૦૦ કલાકે,
સોમવાર થી શુક્રવાર સાંજના ૫:૦૦ થી ૭:૩૦
કથા પૂર્ણાહુતિઃ મે ૨૨ શુક્રવાર સાંજના ૫:૦૦ થી ૭:૩૦

૨૩ મે શનિવાર

## મારૂતિ યજ્ઞ

પ્રારંભઃ સવારના ૭:૩૦ કલાકે, અલ્પાહાર બપોરના ૧૨:૩૦ કલાકે
જળયાત્રા સાંજના ૬:૦૦ કલાકે

૨૪ મે રવિવાર

## અન્નકૂટ મહોત્સવ

વૈદિક મંત્ર ઉચ્ચારણ સહિત ભગવાનનો મહાભિષેક
સવારના ૮:૩૦ થી ૧૧:૩૦
પછી અન્નકૂટ આરતી અને મહાપ્રસાદ
ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમ બપોરના ૩:૩૦ કલાકે

૨૫ મે સોમવાર

## "શ્રી સત્યનારાયણ કથા"

સમયઃ સવારના ૮:૩૦ થી ૧૧:૩૦ પછી મહાપ્રસાદ

પાટોત્સવ તથા તે નિમિત્તે ઉજવાતા કોઇપણ ઉત્સવમાં યજમાન થવા ઇચ્છતા હરિભક્તે પૂ.દાદાનો સંપર્ક કરવો.

વ્હાલા ભકતો.....

ભગવાન શ્રી હરિએ આ ધરતી ઉપર પધારીને કરોડો જીવના કલ્યાણ માટે અનેક ઉપાયો કર્યા છે. તેમાં અમુક ઉપાયો તો એવા છે કે જે સૂર્ય, ચંદ્ર અને પૃથ્વી જયાં સુધી રહેશે ત્યાં સુધી મોક્ષ માટે પુકારતા રહેશે; જેમાં એક છે શાસ્ત્ર અને વળી શાસ્ત્રો પણ અનેક છે, તેમાં પણ શ્રી સત્સંગિજીવન એટલે સર્વ શાસ્ત્ર શિરોમણી છે, સ્વયં ભગવાન બોલે છે કે **रमणियमिदं शास्त्रं सर्वशास्त्रशिरोमणिः** આ સમગ્ર શ્રી સત્સંગિજીવન ગ્રંથ અદ્‌ભૂત છે છતાં જયારે હરિગીતા જોઇએ ત્યારે તો એમ લાગે છે, કે ભગવાનનાં વાઙમય શરીરના હૃદયને ઠેકાણે હરિગીતા છે. જે અતિ અદ્‌ભૂત અને અતિ સમજયા જવો ગ્રંથ છે, અને વળી જે મોક્ષને માટે જ પુરુષાર્થ કરે છે તેવા મુમુક્ષ માટે દિવાદાંડી સમાન આ ગ્રંથ છે. કારણ કે ભકિતમાતા દેહ છોડવાની તૈયારી કરી રહ્યા છે, ત્યારે મોક્ષ માટે પુછાયેલ પ્રશ્નો ના ઉત્તર સ્વયં મોક્ષદાયી ભગવાન શ્રી હરિએ આપેલ ઉપદેશ વણાયેલ છે. માટે આ ગ્રંથને હરિગીતા તરીકે સંબોધાય છે. અને સર્વ શાસ્ત્રનું રહસ્ય આ નાના ગ્રંથમાં સમાવી લીધું છે. અને વળી ભગવાન શ્રી હરિ માતાને કહે છે, હે માતા!

**तस्मादेतत्भवत्यापि श्रेयसे धार्यमात्मनि ा**
**तेन मुक्ता सर्वकष्टात्प्राप्स्यसे परमं सुखम् ाा**

"હે માતા! તમારા આત્મકલ્યાણને અર્થે આ પરમ રહસ્યને અંતરમાં ધારણ કરો. આ રહસ્યના ચિંતવનથી તમે સમગ્ર કષ્ટથી મુકત થશો અને પરમ સુખને પામશો" આવું આ રહસ્યમય જ્ઞાન ભકિતમાતાને આપ્યું અને આપણા જેવા જીવ માટે ભગવાને આશીર્વાદ પણ આપ્યા કે

**एतद्रहस्यं परमं यः श्रेष्यति पठिष्यति ा**
**भविष्यति तयोः कृष्णे भक्तिश्च सुखमीप्सितम् ाा**

આ પરમ રહસ્યને જે કોઇ મનુષ્ય સાંભળશે અથવા પાઠ કરશે તેને ભગવાનનાં સ્વરૂપમાં ભકિત પ્રગટ થશે તેમજ તે ઇચ્છિત સુખને પામશે.

તો વ્હાલા ભકતો આવી રીતે ભગવાને વચન આપેલ છે તો ભગવાનમાં ભકિત અને આપણા મનોરથ પૂર્ણ કરવા પાઠ કરવા માટે આપણા વ્હિલીંગ મંદિરમાં બીરાજતા ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા અન્ય દેવોના ૧૮ માં પાટોત્સવ નિમિત્તે આ ગ્રંથનું પ્રકાશન કરતાં આનંદ અનુભવીએ છીએ.